# ભારતમાં કરવેરાની જવાબદારી કરદાતાના મૃત્યુ પછી પણ પીછો છોડતી નથી

**ટૅક્સ રામાયણ**

પરેશ કપાસી



બેન્જામિન ફ્રૅન્કલિને સાચું જ કહ્યું છે, 'આ દુનિયામાં બે વસ્તુઓ અફર છે, એક મૃત્યુ અને બે, કરવેરા.' જોકે આપણો દેશ તો એવો છે કે વ્યક્તિના અવસાન પછી પણ કરવેરા ચૂકવવાની તેની જવાબદારી પૂરી થતી નથી. મરનાર વ્યક્તિએ મૃત્યુ પહેલાં સંબંધિત નાણાકીય વર્ષમાં જે આવક રળી હોય એના પર તેમને તેમના ટૅક્સ બ્રેકેટ અનુસાર કરવેરો લાગુ પડે છે.

આવકવેરા કાયદા મુજબ આ જવાબદારી એમના વતી કોઈ બીજી વ્યક્તિએ એટલે કે મરનારના કાનૂની વારસદારોએ પૂરી કરવાની હોય છે. જો મરનારનું આવકવેરા રિટર્ન ભરવામાં ન આવે અથવા તો કરવેરાની ચુકવણી કરવામાં ન આવે તો એના પર દંડ અને/અથવા વ્યાજની ચુકવણી પણ કરવી પડી શકે છે.

## મરનારના કરવેરા સંબંધે આવકવેરા ધારો, ૧૯૬૧ હેઠળની જોગવાઈઓ

આવકવેરા ધારાની કલમ ૧૫૯ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે, જે કાનૂની વારસદારો/પ્રતિનિધિઓને લાગુ પડે છે. ધારાની કલમ ૨(૨૯)માં કહેવામાં આવ્યું છે કે કોડ ઑફ સિવિલ પ્રોસીજર, ૧૯૦૮ની કલમ-૨ના ક્લૉઝ ક્રમાંક ૧૧માં કાનૂની પ્રતિનિધિનો જે અર્થ કરવામાં આવ્યો છે, એ જ અર્થ આવકવેરા ધારા સંબંધે લાગુ થાય છે. એમાં મરનારની એસ્ટેટ સંબંધે કાર્યવાહી કરનાર વ્યક્તિનો પણ સમાવેશ થાય છે. એ ઉપરાંત જેમના વતી ખટલો મંડાય અથવા જેમના પર ખટલો મંડાય એવી વ્યક્તિના મૃત્યુની સ્થિતિમાં એમની એસ્ટેટ જેમને મળે એ અને જેમના પર ખટલો મંડાય અથવા જેઓ ખટલો માંડે એવી પ્રતિનિધિ સ્વરૂપની વ્યક્તિનો પણ એમાં સમાવેશ થાય છે.

જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે એમના મૃત્યુ પહેલાંના સમયગાળાની આવકની આકારણી અનિર્ણીત રાખવામાં આવે છે. અદાલતો અગાઉ એવા ચુકાદા આપી ચૂકી છે કે મૃત્યુ પામેલી વ્યક્તિની આકારણી થઈ શકતી નથી અને જો એ કરવામાં આવે તો કાયદાની નજરમાં એ નિરર્થક ગણાય છે. આ પેચીદી સ્થિતિથી બચવા માટે આવકવેરા ધારા, ૧૯૬૧માં કલમ ૧૫૯ ઉમેરવામાં આવી હતી, જેથી મરનારની આવકની આકારણી થઈ શકે.

## હિન્દુ અનડિવાઇડેડ ફૅમિલી (એચયુએફ) ને કલમ ૧૫૯ લાગુ પાડવા વિશે

એચયુએફ કાનૂની એન્ટિટી હોય છે અને એ કોઈ કુદરતી વ્યક્તિ કે જીવંત વ્યક્તિ નથી. આથી એને મરનાર વ્યક્તિ ગણી શકાય નહીં. કલમ ૧૫૯ અને કલમ ૧૬૮ ફક્ત કુદરતી વ્યક્તિને જ લાગુ પડે છે. એચયુએફના કર્તાનું અવસાન થવાની સ્થિતિમાં ફક્ત કર્તાનું મૃત્યુ થયું કહેવાય, એચયુએફનું નહીં. આથી કર્તાના અવસાનને પગલે એમ ન કહી શકાય કે પરિવારનું પણ મૃત્યુ થયું. વળી, એચયુએફની પ્રૉપર્ટી સંબંધે કર્તા કોઈ વસિયતનામું બનાવી શકે નહીં. એચયુએફના બાકીના જીવંત સભ્યોને હિન્દુ કાયદા હેઠળ અને વારસાહક કાયદા હેઠળ અધિકાર આપવામાં આવ્યા છે.

ઉક્ત ચર્ચાના આધારે સામે આવેલા કેટલાક મહત્ત્વપૂર્ણ મુદ્દા આ પ્રમાણે છે...

૧૫૯ (૧) જ્યારે કોઈ કરદાતાનું મૃત્યુ થાય ત્યારે એમના કાનૂની પ્રતિનિધિએ મરનારની ચૂકવવાપાત્ર રકમની ચુકવણી કરવાની હોય છે. જો વ્યક્તિનું મૃત્યુ થયું ન હોત તો એ સ્થિતિમાં એમણે જે રીતે ચુકવણી કરી હોત એ જ રીતે પ્રતિનિધિએ ચુકવણી કરવાની હોય છે.

## મરનાર સંબંધે આકારણીની કાર્યવાહી [કલમ ૧૫૯(૨)]

કલમ ૧૫૯(૨)ની જોગવાઈઓ અનુસાર મરનાર સંબંધે કલમ ૧૪૩(૨) અથવા કલમ ૧૪૭ હેઠળ આકારણી કે પુનઃ આકારણીની કાર્યવાહી મરનાર કરદાતાના કાનૂની પ્રતિનિધિઓ સમક્ષ દાવો માંડીને આગળ વધારી શકાય છે.

આવકવેરા કાયદાની દૃષ્ટિએ કરદાતાના કાનૂની પ્રતિનિધિને કરદાતા માની લેવામાં આવશે એવું કલમ ૧૫૯(૩)માં કહેવામાં આવ્યું છે.

કલમ ૧૫૯(૬) મુજબ મરનારના કાનૂની વારસદારોની જવાબદારી એમને મળનારી ઍસેટ્સ પૂરતી મર્યાદિત રહેશે.

કરવેરા તરીકે ભરવાની રકમ મરનારની એસ્ટેટમાંથી જ ચૂકવવામાં આવવી જોઈએ. કાનૂની પ્રતિનિધિની જવાબદારી કરવેરા ચૂકવવાની જવાબદારી પૂરી કરવા માટે આવશ્યક એસ્ટેટ જેટલી જ રહેશે.

કાનૂની પ્રતિનિધિની અંગત ઍસેટ્સને એમાં આવરી લેવામાં આવતી નથી.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે.
paresh.kapasi@mid-day.com
પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.